ફોજદારી કેસ નંબર– 804–12

## – આંકઃ૦૧ નીચે હુકમ –

આરોપીની ગેરહાજરીનાં કારણે સદર કામ ક્રિમિનલ મેન્યુઅલનાં પેરા–૨૧૧ અન્વયે ડોરમેન્ટ રજિસ્ટરે મુકવામાં આવેલ. સદર કામ ઘણા વર્ષોથી ડોરમેન્ટ ઉપર મુકવામાં આવેલ, કેસોનો નિકાલ સારૂ આજરોજ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં હાથ પર લેવામાં આવેલ છે. આ કામના ફરીયાદીએ આરોપીઓ સામે અત્રેની કોર્ટમાં ખાનગી ફરીયાદ દાખલ કરેલ છે જે ફરીયાદ અંગે મારા પુરોગામી મેજીસ્ટ્રેટશ્રીએ ઈ.પી.કો.કલમઃ૪૦૬,૪૬૫,૪૬૮,૪૭૭,૧૧૪ મુજબનો કોગ્નીઝન્સ લઈ, આરોપીઓની સામે પ્રોસેસ કાઢેલ છે. સદર કેસની હકીકત જોતા સદર કેસમા તહોમતનામુ ફરમાવવામાં આવેલ નથી. ફરીયાદી હાજર રહી ચાર્જ પહેલાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી તથા ફરીયાદી ઘણા લાંબા સમયથી સદર કેસની કાર્યવાહીમાં હાજર રહી આગળ ચલાવેલ નથી તે હકીકત ધ્યાને લઈ ફરીયાદીને સદર કેસમાં કોઈ રસ નથી તે માનવાનુ કારણ હોય, સદર કેસ સી.આર.પી.સી.ની કલમઃ૨૪૫(૨) મુજબ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજાયેલ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.અમદાવાદ.

તા.૨૬/૦૬/૨૦૨૨.

(રીન્કુ રાજેશ દેસાઈ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર–૦૯, અમદાવાદ.
કોડ નંબરઃજીજે.૦૧૦૮૯